# <u>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, દાહોદ દ્વારા "કૃષિ વિષે ગાંધીજીના વિચારો" વિષે તાલીમ કાર્યક્રમ યોજાયો</u>

તા. ૦૨.૧૦.૨૦૨૦

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ દ્વારા **<u>રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની 151મી જન્મ જયંતી અંતર્ગત વિશેષ સપ્તાહ (તારીખ 25 સપ્ટેમ્બર થી 2 ઓક્ટોબર)</u>** હેઠળ <u>"કૃષિ વિષે ગાંધીજીના વિચારો"</u> પર મહુડી ગામે તાલીમ કાર્યક્રમ તારીખ ૦૨.૧૦.૨૦૨૦ ના રોજ યોજવામાં આવેલ. આ તાલીમ કાર્યક્રમમાં ડૉ. એ. સી. વૈદ્ય, વરીષ્ઠ વૈજ્ઞાનિક અને વડા દ્વારા ખેડૂતો સાથે ગાંધીજીના વિચારોનું આદાન પ્રદાન કર્યું હતું. ડૉ. આર. રાધા રાની, વૈજ્ઞાનિક (પશુ પાલન)એ સ્વચ્છ દૂધ ઉત્પાદન અંગે માર્ગદર્શન આપેલ જ્યારે ડૉ. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા કિચન ગાર્ડન અને પોષણ યુક્ત આહાર અંગે સમજ આપેલ. શ્રી જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) દ્વારા સ્વચ્છતા અંગે અને શ્રી એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન)એ નીંદામણ દ્વારા થતું આર્થીક નુકશાન અંગે સમજ આપી હતી. આ કાર્યક્રમાં મહુડી ગામના ૪૬ ખેડૂતભાઈ તેમજ મહિલા ખેડૂત બહેનેઓ ઉત્સાહભર ભાગ લીધેલ હતો. તેમજ કેન્દ્રના વૈજ્ઞાનિકો દ્વારા કેમ્પસ ખાતે યોગા કરી, સાફ સફાઈ અને વૃક્ષારોપણ કરી પૂજ્ય ગાંધીબાપુના જણાવ્યાનુસાર ***<u>મારૂ જીવન એજ મારો સંદેશ</u>*** ને આગળ વધારવા પ્રયાસ કર્યો હતો.



મહુડી ગામે તાલીમ કાર્યક્રમની ઝલકીઓ



વૃક્ષારોપણ અને સાફ સફાઈ



યોગા